નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬
ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ આપવામાં આવતી મકાન સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSK/e-file/17/2025/0201/G
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૪/૨૦૨૫

વંચાણે લીધા:
(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૬/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજાક-૧૦૨૦૧૮-૨૫૮૫૩૭-ગ
(૩) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો તા.૨૮/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: નબા/યોજના/૨૦૨૪-૨૫/પ્રો(૨)/૮૨૬૫-૬૬
(૪) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો તા.૨૧/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: ગુસકાવિનિ/યોજના/૨૦૨૪-૨૫/૧૧૫૨૭-૨૮

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના આ વિભાગના તા.૨૧/૦૬/૨૦૦૫ના ઠરાવથી ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને મકાન સહાય ચુકવવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ત્યારબાદ પ્રસ્તુત યોજનાની સહાયની રકમમાં સરકારશ્રી દ્વારા વખતોવખત વધારો કરવામાં આવેલ છે. જે મુજબ વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના આ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૮ ના ઠરાવથી ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજનાની સહાયની રકમ રૂ. ૭૦,૦૦૦/- થી વધારીને રૂ. ૧,૨૦,૦૦૦/- (શૈચાલય સહિત) કરવામાં આવેલ છે. જેમાં મકાન બાંધકામની ટોચ મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ. ૧૦,૦૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૭,૦૦,૦૦૦/- નિયત કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના તા.૨૮/૦૧/૨૦૨૫ ના પત્રથી ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ ચુકવવામાં આવતી મકાન સહાયમાં રૂ.૫૦,૦૦૦/- નો વધારો કરીને રૂ.૧,૭૦,૦૦૦/- કરવા અંગેની રૂ.૭.૫૦ કરોડની નવી બાબતનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેનો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના તા.૨૧/૦૩/૨૦૨૫ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને ચૂકવવામાં આવતી રૂ.૧,૨૦,૦૦૦/-ની મકાન સહાયમાં રૂ.૫૦,૦૦૦/-નો વધારો કરી, રૂ.૧,૭૦,૦૦૦/-ની સહાય ચૂકવવા અંગે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં રૂ.૭.૫૦ કરોડની નવી બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ડૉ.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ સહાયની રકમના ચુકવણાની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) પ્રથમ હપ્તો રૂ. ૩૦,૦૦૦/- (વહીવટી મંજૂરીના હુકમ સાથે)

(૨) બીજો હપ્તો રૂ. ૮૦,૦૦૦/- (પ્લીન્થ લેવલ થયેથી)

(૩) ત્રીજો હપ્તો રૂ. ૫૦,૦૦૦/- (રૂફ કાસ્ટ લેવલ પૂર્ણ થયેથી)

(૪) ચોથો હપ્તો રૂ.૧૦,૦૦૦/- ( શૌચાલય સહિતનું આવાસ પૂર્ણ થયેથી)

**કૂલ રૂ.૧,૭૦,૦૦૦/-**

મકાન બાંધકામની નવી ટોચ મર્યાદા નીચે મુજબની રહેશે.

(૧) શહેરી વિસ્તાર માટે રૂ. ૧૧,૭૦,૦૦૦/-

(૨) ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૯,૦૦,૦૦૦/-

શરતો:

(૧) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામક શ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ના પરામર્શમાં રહી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે રાખવાની રહેશે.

(૩) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) ના પરામર્શમાં રહી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૧૫) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૭) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની રહેશે.

(૧૮) લાભાર્થી દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રા) હેઠળ અગાઉ શૌચાલયનો લાભ લેવામાં આવેલ ન હોય તેવા લાભાર્થીને શૌચાલય માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રા) હેઠળ રકમ રૂ. ૧૨,૦૦૦/- ની સહાય.

(૧૯) લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે દૈનિક વેતનદર રકમ રૂ.૨૮૮/- મુજબ રકમ રૂ. ૨૫,૯૨૦/- ની સહાય. (મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ હોવું અનિવાર્ય)

(૨૦) આવાસના લાભાર્થીઓને અન્ય યોજના સાથે કન્વર્જન્સ દ્વારા નળ સે જળ યોજના હેઠળ પીવાનું પાણી, ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેક્શન, ઉજાલા યોજના હેઠળ વીજળી કનેક્શન વિગેરે માળખાગત સુવિધાઓ પૂરી પાડવાની રહેશે અને તે અંગેનો લાભ લેવા માટે જરુરી પ્રમાણપત્ર નિયામક શ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના, સબંધિત જીલ્લાના અધિકારી દ્વારા પણ આપી શકાશે.

(૨૧) આ વિભાગના તા.૨૧/૦૬/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ માં દર્શાવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી નંબર: ૯૫-(અનુસૂચિત જાતિ કલ્યાણ); મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદર: ૧૦૨; પેટા સદર: (૦૨) SCW-12 હેઠળ ઉધારવાનું રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૩/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી (સા. ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).

(૯) સિલેક્ટ ફાઇલ.